


-: પ્રકાશક :-

આચાર્ય, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ. જિ.ખેડા.

# કલરવ



વર્ષ : ૨૦૧૨ થી ૨૦૧૭

त तपसो जातं तपसो विभूतम् त
Government
Arts & Commerce College
KATHLAL
ESTD : 2012

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,

## કઠલાલ.

જિ.ખેડા.

# અમારા આનંદની ક્ષણોની ઝાંખી



## અતિથિગણ



## વિદ્યાર્થીગણ



## માનવંતા મહેમાનો

# વર્તમાનપત્રોનું વિહંગાવલોકન

**કઠલાલમાં આર્ટસ,કોમર્સ કોલેજનો શુભારંભ**

નડિયાદ,તા.૨૭ કઠલાલ ખાતે જૂન-૨૦૧૨ થી ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ અને કઠલાલના સામાજીક કાર્યકારોના પ્રયાસથી સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના, શુભારંભ થઈ રહ્યો છે. જેમાં સંસ્કૃત,ગુજરાતી, અંગ્રેજી .હિન્દી, સમાજશાસ્ત્ર, ઈતિહાસ ,અર્થશાસ્ત્ર અને કોમર્સના વિષયમાં પ્રવેશ આપવામાં આવશે. જેમાં તા.૧-૬-૨૦૧૨થી પ્રવેશ કાર્ય શરૂ થશે.

દિવ્ય ભાસ્કર ૨૨-૦૫-૧૨

**કઠલાલમાં નવી કોલેજનો પ્રારંભ થયો**

કપડવંજ | કઠલાલમાં આગામી સત્રથી શેઠ એમ.આર. હાઇસ્કૂલમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજનો પ્રારંભ થશે. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સાથે સંલગ્ન આ કોલેજનો લાભ કઠલાલ શહેર સહિત તાલુકાના વિદ્યાર્થીઓ લઈ શકશે. આ નવીન કોલેજમાં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સમાજશાસ્ત્ર, ઈતિહાસ અર્થશાસ્ત્રના આર્ટસના તથા કોમર્સના વિષયે સાથે કોલેજ આરંભાશે. 1 જૂન, 2012થી પ્રવેશકાર્ય શરૂ થશે.

ગુજરાત સમાચાર ૨૮-૦૫-૧૨

**કઠલાલ કોલેજમાં ઉમાશંકરની જયંતિ ઉજવાઈ**

**નડિયાદ :** કઠલાલની નવીન સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીની જન્મજયંતિ ઉજવાઈ હતી. આ પ્રસંગે કવિ બેઝાર શાસ્તાપુરી (હસમુખ શાહ), આચાર્ય ડો.એ.એ.શેખ વગેરે ઉપસ્થિત રહીને ઉમાશંકરના જીવનકવન અંગેની માહિતી આપી હતી. કાવ્યપઠન સ્પર્ધામાં ઉર્વશી મકવાણા, રાજેશ વાઘેલા અને મુકેશ ઝાલા, જ્યારે વકતૃત્વ સ્પર્ધામાં પર્વત સોલંકી, મોહસીન વ્હોરા અને ઝલક પટેલ અગ્રેસર રહ્યા હતા.

દિવ્ય ભાસ્કર ૨૭-૦૭-૧૨

**કઠલાલ સરકારી વિનયન કોલેજનું ગૌરવ**

નડિયાદ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલનાં આચાર્ય ડો. એ.એ. શેખને તાજેતરમાં સુરત મુકામે યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્ર અધિવેશનમાં 'શ્રી દોલત ભટ્ટ' અને 'કરૂણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન' એમ બે પારિતોષિક પરિષદ વતી એનાયત કરવામાં આવ્યાં હતાં. સદર પારિતોષિક તેમને પુસ્તક 'વારલી નારણદેવની કથા' માટે એનાયત થયાં હતાં.

(દિવ્ય ભાસ્કર તા.૦૮/૦૧/૨૦૧૩)

દિવ્ય ભાસ્કર ૦૮-૦૧-૧૩

**કઠલાલની ગવર્મેન્ટ કોલેજમાં ગૌરવગાન સ્પર્ધા યોજાઇ**



કઠલાલ | શહેરની ગર્વમેન્ટ કોલેજમાં 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' અને 'મનુષ્ય તુ બડા મહાન હૈ' ગૌરવગાન વિશે વકતૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો. શેખ, માણસ મનુષ્યત્વ ખોઇ બેઠો છે, તેને ઢંઢોળીને જાગૃત કરવા અંગે જણાવ્યું હતું. વકતૃત્વમાં પ્રથમ પરમાર ફાલ્ગુની, દ્વિતિય સોઢા વિક્રમસિંહ અને તૃતિય સ્થાને શર્મા રિદ્ધિ એમ., સોલંકી પ્રજ્ઞેશકુમાર વિજેતા થયાં હતાં.

દિવ્ય ભાસ્કર ૨૬-૦૭-૧૭

**ઊંચી ઉડાનની આશા**



નડિયાદ : કઠલાલની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજની વિદ્યાર્થીનીઓ સહુ પ્રથમવાર ખો- ખો સ્પર્ધામાં પસંદગી પામી હતી. કોલેજની ડાભી નીતાબેન પ્રવિણસિંહ તથા ડાભી વનિતાબેન ઇક્ષ્મણસિંહ યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામ્યા હતા. જ્યારે કોલેજનો વિદ્યાર્થી સૈયદ યુનુસઅલી યાકુબઅલીએ રોહતક ખાતે યોજાયેલ કુસ્તીની નેશનલ સ્પર્ધામાં ૬૫ કે.જી. વેઇટ ગ્રુપમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પ્રતિનિધિત્વ કર્યું હતું. યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામનાર વિદ્યાર્થીનીઓને અને નેશનલ લેવલે પ્રતિનિધિત્વ કરનાર વિદ્યાર્થીને કોલેજ પરિવારે અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

સંદેશ ૭-૧૨-૧૭

D:\Kathlal College\Ravaji Patel Book\KALRAV TAITAL 27-12-2017